RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 37* Date: 03.12.2020 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### આગામી સપ્તાહથી બ્રિટનમાં રસીકરણનો પ્રારંભ કરવામાં આવશે

## ફાઈઝર-બાયોએનટેકની કોરોના વેક્સીનને મંજૂરી આપનાર બ્રિટન પ્રથમ દેશ

*લંડન,તા.૨*

બ્રિટેને ફાઈઝર અને બાયોએનટેકની કોરોના વાયરસ વેક્સિનને મંજૂરી આપી દીધી છે. અમેરિકા અને યૂરોપિયન યૂનિયનના નિર્ણય પહેલા જ ફાઈઝર અને બાયોએનટેકની કોરોના વેક્સીનને મંજૂરી આપનારૂ બ્રિટન દુનિયાનો પહેલો પશ્ચિમી દેશ બની ગયો છે. આ વેક્સીન આવતા અઠવાડિયાથી બ્રિટનમાં મળવા પણ લાગશે.

બ્રિટિશ રેગ્યુલેટર MHRAએ કહ્યું હતું કે, કોવિડ-૧૯ સામે ૯૫% પ્રોટેક્શન આપતી આ રસી સુરક્ષિત છે. UKએ ૨૦ મિલિયન લોકોને ૨ ડોઝ આપવા માટે રસીના ૪૦ મિલિયન ડોઝનો ઓર્ડર આપેલો છે.

થોડા દિવસ પહેલા જ ફાઈઝર કંપનીએ જાહેરાત કરી હતી કે તેઓ લેબમાં COVID-19 એટલે કે કોરોનાની રસી બનાવવામાં સફળ થયા છે, જે વાયરસની સામે ૯૬% અસરદાર છે, ગત રોજ જર્મનીની બાયોફાર્માસ્યૂટિકલ કંપની બાયોએનટેક અને તેમની અમેરીકી ભાગીદારી ફાઈઝરે યુરોપિયન સંઘના સામે વેક્સીન રજીસ્ટ્રેશન માટે ઔપચારીક આવેદન આપ્યું હતું.

ફાયઝર – બાયોએનટેકની રસીના ૧૦ મિલિયન ડોઝ જેમ બને તેમ જલદી ઉપલબ્ધ થશે. બહુ જલદી રસીનો પહેલો ડોઝ યુકે પહોંચશે. રસીના કોન્સેપ્ટથી રિયાલિટી સુધી પહોંચવામાં કોરોનાની આ રસી સૌથી ઝડપી હોવાનું માનવામાં રહ્યું છે. જે પ્રક્રિયામાં દાયકો નીકળી જાય છે તેના માટે માત્ર ૧૦ મહિનાનો સમય લાગ્યો છે. મોડર્નાએ પણ તેમની રસીના ઉપયોગને મંજૂરી આપવા માટે યુએસ અને યુરોપિયન રેગ્યુલેટર્સને જણાવ્યું હતુ.




બ્રિટનના મેડિસિન એંડ હેલ્થકેયર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સીએ ફાઈઝર અને બાયોએનટેકની કોરોના વેક્સીનનું નિરીક્ષણ કરવાની મંજૂરી આપી દીધી છે. આ એજન્સી એ બાબત પણ સુનિશ્ચિત કરવા જઈ રહી છે કે, શું ઓક્સફર્ડ યૂનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકાની વેક્સીન આકરા સુરક્ષા પામદંડોને પુરા કરી શકે છે કે કેમ?

જો કે વિશેષજ્ઞોના જણાવ્યાં મુજબ ભલે રસીકરણ ચાલુ થઈ જાય, પરંતુ લોકોએ આમ છતાં સાવચેત રહેવાની અને કોરોના વાયરસની ગાઈડલાઈનનું પૂરેપૂરું પાલન કરવાની જરૂર છે. એટલે કે સામાજિક અંતર રાખવું જરૂરી છે અને માસ્ક પહેરવું પણ એટલું જ જરૂરી છે.

બાયોએનટેકે જણાવ્યું હતું કે, જો તેમની બીએનટી ૧૬૨બીર રસીને મંજૂર કરવામાં આવે તો યુરોપ ૨૦૨૦ વર્ષ પૂરૂ થાય તે પહેલા જ રસીકરણ શરૂ કરી શકે છે. કંપનીએ તેની રસી ૪૪,૦૦૦ વોલન્ટિયર્સ પર કરવામાં આવેલી ક્લિનિકલ ટ્રાયલમાં ૯૫ ટકા અસરકારક રહી હોવાનો દાવો કર્યો હતો.

બ્રિટનના મંત્રી નાદિમ જહાવીના હવાલાથી એક મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે, જો બધુ યોજના પ્રમાણે જ સમુ સુતરૂ રહ્યું અને ફાઈઝર – બાયોએનટેક દ્વારા વિકસીત કોરોનાની રસીને રજિસ્ટ્રેશન માટેની મંજૂરી મળી જાય તો ગણતરીના કલાકોમાં જ વેક્સીનની વહેંચણી અને તેના ટીકાકરણ પણ શરૂ કરી દેવામાં આવશે.

### અમેરિકી કોંગ્રેસ સમિતીના અહેવાલમાં મોટો ઘટસ્ફોટ

## ચીને ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણનું ષડયંત્ર રચ્યું હતું

### ચીનના સંરક્ષણ મંત્રીએ જવાનોને યુદ્ધ માટે ઉશ્કેર્યા હતાં, આ અથડામણમાં ભારતના ૨૦ સૈનિકો શહિદ થયા હતા

વોશિંગ્ટન,તા.૨

અમેરિકી સંસદે કોંગ્રેસની એક ટોચની સમિતિએ પોતાના વાર્ષિક અહેવાલમાં સનસનાટીપૂર્ણ ખુલાસો કરતા કહ્યું છે કે, ચીનની સરકારે જ આ વર્ષે જુનમાં ભારત સરહદે ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણનું ષડયંત્ર રચ્યુ હતું.

અમેરિકી અહેવાલ પ્રમાણે આ હુમલા પાછળનો ચીનનો હેતુ પોતાના પાડોશી દેશો વિરૂદ્ધ 'ધાક-ધમકી' અભિયાન વધારે આક્રમક બનાવવાનો હતો. ગલવાન ઘાટીમાં ચીનના સૈનિકોએ રાતના અંધારામાં છુપાઈને અનેક તીષ્ણ અને બોથડ હથિયારો વચ્ચે ભારતીય સૈનિકો પર ઘાત લગાવીને હુમલો કર્યો હતો. જેમાં ભારતના ૨૦ સૈનિકો શહિદ થયા હતાં જ્યારે ચીનના ૪૦ થી પણ વધારે જવાનો માર્યા ગયા હતાં.

અમેરિકાના ચીન આર્થિક અને સુરક્ષા સમીક્ષા આયોગએ પોતાના વર્તમાન રિપોર્ટમાં કહ્યું છે કે, કેટલાક મહત્વના પુરાવાઓ દર્શાવે છે કેમ ચીની સરકારે જ ગલવાન હુમલાનું ષડયંર રચ્યુ હતુ. તેમાં સૈનિકોની હત્યા નિપજાવવાની શકયતા પણ શામેલ છે. યુએસસીસીની સ્થાપના વર્ષ ૨૦૦૦માં કરવામાં આવી હતી જે અમેરિકા અને ચીન વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યાપારના મુદ્દાઓની તપાસ કરે છે. આ કમિટી



અમેરિકી કોંગ્રેસને ચીન વિરૂદ્ધ વિધાયી અને પ્રશાસનિક કાર્યવાહીની ભલામણ પણ કરે છે.

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચીની સરકારે વાસ્તવિક નિયંત્રણ રેખા પર ઉશ્કેરણીજનક પગલા ભરવા પાછળના ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયા નથી. પરંતુ ચીનના આ પગલા પાછળનું સંભવિત કારણ ભારતના સરહદી વિસ્તારોમાં રણનૈતિક રસ્તાઓનું બાંધકામ કરવાનો છે. આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ગલવાન હિંસાના થોડા જ સમય પહેલા ચીનના સંરક્ષણ મંત્રી વીઈએ પોતાના જવાનોને સ્થિરતા લાવનારા યુદ્ધ કરવા માટે ઉત્સાહિત કર્યા હતાં.

એટલુ જ નહીં ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના બગલબચ્ચા ગ્લોબલ ટાઈમ્સે પણ ભારતને ચેતવણી આપી હતી. આ ચેતવણીમાં ગ્લોબલ ટાઈમ્સે કહ્યું હતું કે, જો ભારત અમેરિકા-ચેનના પ્રતિદ્વંદ્વિઓમાં શામેલ થશે તો તેને વ્યાપાર અને આર્થિક મોરચે આકરો જવાબ આપવામાં આવશે.

ગલવાન હિંસાના થોડા સપ્તાહ પહેલા જ કેટલીક સેટેલાઈટ તસવીરો પણ હાથ લાગી હતી જેમાં સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું હતું કે, ચીને આ હિંસા આદરી તે પહેલા જ મોટી સંખ્યામાં હજારોની સંખ્યામાં જવાનો તૈનાત કર્યા હતાં.

### કુલ મૃત્યુઆંક ૧.૩૮ લાખને પાર પહોંચ્યો

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૬,૬૦૪ કેસો,૨૪ કલાકમાં ૫૦૧ દર્દીનાં મોત

ન્યુ દિલ્હી,તા.૨

વિતેલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના વધુ ૩૬,૬૦૪ કેસો નોંધાતા કુલ કેસોનો આંક ૯૫ લાખની લગોલગ પહોંચ્યો છે. આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા ડેટા મુજબ દેશમાં રિકવરી દર ૯૪ ટકાએ પહોંચ્યો છે અને અત્યાર સુધીમાં કુલ ૮૯ લાખ દર્દીઓ કોરોના સામેન જંગ જીતીને સ્વસ્થ થયા છે.

બુધવાર સવારે ૮ વાગ્યા સુધીમાં કોરોનાના નવા ૩૬,૬૦૪ દર્દીઓ નોંધાયા હતા અને કુલ સંક્રમિતોનો આંકડો વધીને ૯૪,૯૯,૪૧૩ થયો હતો. આ જ ગાળામાં વધુ ૫૦૧ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક વધીને ૧,૩૮,૧૨૨ થયો હતો.

કોરોનાથી રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૮૯,૩૨,૬૪૭ થઈ હોવાથી રિકવરી રેટ ૯૪.૦૩ ટકા નોંધાયો છે અને મૃત્યુદર આંશિક વધીને ૧.૪૫ ટકા થયો છે.

સતત ૨૨માં દિવસે દેશમાં કોરોનાના સક્રિય કેસો ૫ લાખથી નીચે રહ્યા છે. સરકારના જણાવ્યા મુજબ કુલ સક્રિય કેસો ૪,૨૮,૬૪૪ છે જે કુલ કેસ લોડના ૪.૫૧ ટકા હોવાનું જણાય છે. દેશમાં ૨૦ નવેમ્બરના ૯૦ લાખ દર્દીઓનો આંકડો પાર થયો હતો અને બે પખવાડિયાથી ઓછા સમયમાં વધુ પાંચ લાખ દર્દીઓ નોંધાયા છે. આઈસીએમઆરના મતે ૧ ડિસેમ્બરના રોજ દેશમાં ૧૦,૯૬,૬૫૧ કોરોના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૧૪,૨૪,૪૫,૯૪૯ કોરોના સેમ્પલનું પરીક્ષણ હાથ ધરાયું હતું.

### ભારતીય કુશળ કારીગર અમેરિકામાં પહેલાંની જેમ જ કામ કરી શકશે

## એચ-૧બી વિઝામાં ટ્રમ્પના ફેરફારોને અમેરિકી જજે ફગાવી દીધા

*વૉશિંગ્ટન,તા.૨*

અમેરિકાની ચૂંટણીમાં કારમો પરાજય પામેલા રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પને એક પછી એક કમ્મરતોડ ફટકા પડવા લાગ્યા છે. ટ્રમ્પ પ્રસાશન દ્વારા લાગુ કરવામાં આવેલા કાયદાને અમેરિકાની કોર્ટ એક એક કરીને ફગાવવા લાગી છે.

તાજેતરમાં અમેરિકી કોર્ટે ઓક્ટોબરમાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા H-1B Visa કાર્યક્રમમાં કરાયેલા ફેરફારને અમેરિકાની કોર્ટે ફગાવી દીધા છે. આ સાથે જ ભારતીય કુશળ કારીગર એટલે કે પ્રોફેશનલ્સ હવે અમેરિકામાં પહેલાની જેમ જ કામ કરી શકશે.

કોરોના વયારસની મહામારી આવતા જ આ વર્ષે ઓક્ટોબર મહિનામાં અમરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે H-1B Visa કાર્યક્રમમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય પાછળ ટ્રમ્પ પ્રશાસનનું માનવું હતું કે, કોરોનાના કારણે અનેક અમેરિકનોની નોકરી ગઈ તો બહારથી આવનારા લોકોને રોકીને સ્થાનિક લોકોને નોકરીઓ આપી શકાય. આ હેતુથી વિદેશી પ્રોફેશનલ્સની ભરતી કરતી કંપનીઓ પર અનેક પ્રકારના પ્રતિબંધો લગાવવામાં આવ્યા હતાં. નવા નિયમો એ હદે કડક હતા કે, લગભગ એક તૃતિયાંશ અરજીધારકોને H-1B Visa મળી શકે તેમ નહતા. પરંતુ અમેરિકામાં સત્તા પરિવર્તન થતાની સાથે જ ટ્રમ્પનો આ આદેશ પણ બદલાયો છે.

કેલિફોર્નિયાના ડિસ્ટ્રિક્ટ જજ જેફરી વ્હાઈટે H-1B Visa પર ટ્રમ્પના આદેશને રદ કરતા કહ્યું હતું કે, સરકારે આ નિર્ણય લેતા સંપૂર્ણ રીતે પારદર્શક પ્રક્રિયાનું પાલન કર્યું નથી. સરકાર દ્વારા કોરોના મહામારીના લીધે લોકોની ગયેલી નોકરીઓના કારણે નિર્ણય લેવાયો તે દલીલ સંપૂર્ણ રીતે ખોટી છે. જસ્ટિસ જેફરીએ પોતાના ચુકાદામાં એમ પણ ટાંક્યુ હતું કે, કોરોના એવી મહામારી છે જે કોઈના વશમાં નથી, પરંતુ આ મામલે વધુ સચેત થઈને કાર્યવાહી થઈ શકે તેમ હતી.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાની સરકાર દર વર્ષે બહારથી આવનારા તમામ ક્ષત્રોમાં કામ કરતા પ્રોફેશનલ્સ માટે ૮૫ હજાર H-1B Visa બહાર પાડે છે. જેમાં આઈટી પ્રોફેશનલ્સની સંખ્યા સૌથી વધુ છે.

અમેરિકામાં હાલ લગભગ ૬ લાખ H-1B Visa હોલ્ડર કામ કરી રહ્યા છે. જેમાંથી મટાભાગના ભારતના છે અને બીજા નંબરે ચીનના વર્કર છે. પરંતુ ટ્રમ્પ પ્રસાશનના નિર્ણયે લાખો ભારતીયોને ચિંતામાં મુકી દીધા હતાં.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૫૧૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૧૨૭૬૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૫૭૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૯૪૦૩૮**

### છેલ્લા ૧૧ દિવસમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં ૧.૫૦નો વધારો ઝીંકાયો

ન્યુ દિલ્હી,તા.૨

પેટ્રોલ-ડીઝલના ભાવ દેશમાં ૨૫ મહિનાના ઉપલા સ્તર પર પહોંચી ગયા છે. છેલ્લા ૧૧ દિવસથી ઓઈલ કંપનીઓ સતત ભાવ વધારી રહી છે. નોંધનીય છે કે ૧૧ દિવસમાં ઓઈલના કિંમતો લગભગ ૧.૫૦ રૂપિયા પ્રતિ લીટર સુધી વધી ગઈ. સરકારી ઓઈલ કંપનીઓ એ આજે બુધવારે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ માં વધારો કર્યો છે. તેને કારણે દિલ્હીમાં આજે પેટ્રોલનો ભાવ ૮૨.૪૯ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલનો ભાવ ૭૨.૬૫ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. બીજી તરફ મધ્ય પ્રદેશમાં પેટ્રોલનો ભાવ ૯૦ રૂપિયા પ્રતિ લીટરથી પણ વધી ગયો છે બીજી તરફ ડીઝલનો ભાવ ૮૧રૂપિયા પ્રતી લીટરની નજીક પહોંચી ગયો છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં ઐતિહાસિક ઘટાડા બાદ લોકો રાહતની આશા રાખી રહ્યા હતા. પરંતુ લોકોને કેન્દ્ર સરકારે આંચકો આપ્યો હતો. સરકારે પેટ્રોલ પર ૧૦ રૂપિયા અને ડીઝલ પર ૧૩ રૂપિયા પ્રતિ લીટર એક્સાસાઈઝ ડ્યૂટી વધારી દીધી હતી. આ પહેલા વર્ષે ૨૦૧૪માં પેટ્રોલ પર ટેક્સ ૯.૪૮ રૂપિયા પ્રતિ લીટર હતો અને ડીઝલ પર ૩.૫૬ રૂપિયા. રૂપિયા પ્રતિ લીટર વધી હતી.

### સંખ્યાબંધ સ્થળોએ રેડ એલર્ટની કરી જાહેરાત

## આવતીકાલે તમિલનાડુ-કેરળ પર ત્રાટકશે બુરેવી વાવાઝોડું



ચ ે ન્ ન ા ઈ / તિરુવનંતપુરમ્,તા.૨

"નિવાર" બાદ કેરળ અને તમિલનાડુ પર વધુ એક "બુરેવી" વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલ દબાણ શક્તિશાળી વાવાઝોડામાં ફેરવાઈ શકે છે. આ વાવાઝોડુ દક્ષિણ તમિલનાડુના તટ પર ૪ ડિસેમ્બર સુધી પહોંચવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, "બુરેવી" વાવાઝોડું સાંજે કે મોડી રાત્રે શ્રીલંકાના કાંઠા વિસ્તારમાંથી પસાર થશે. જે બાદ ૩ ડિસેમ્બરે પશ્ચિમ તરફ મુન્નારની ખાડી અને કન્યાકુમારી પહોંચવાની સંભાવના છે. ૨ ડિસેમ્બરથી કેરળમાં તોફાની પવન સાથે વરસાદની સંભાવના છે. "બુરેવી" વાવાઝોડાના પગલે તમિલનાડુમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ કેરળ, કન્યાકુમારી, તમિલનાડુ અને અલાપ્પાઝામાં એનડીઆરએફની ટીમોને તૈનાત કરી દેવામાં આવી છે. માછીમારોને દરિયો ના ખેડવાની સૂચના આપવામાં આવી.

કેરળ હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, "બુરેવી" વાવાઝોડું ૨ ડિસેમ્બરની સાંજ કે રાત્રે શ્રીલંકાના કાંઠા વિસ્તારમાંથી પસાર થશે. આ સાથે જ રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં તોફાની પવન સાથે ભારે વરસાદ વરસી શકે છે. દક્ષિણ-ઉત્તર તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, દક્ષિણ-ઉત્તર કેરળ, દક્ષિણ આંધ્ર પ્રદેશ અને લક્ષદ્વિપના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.



ગાંધીનગર મહાનગર પાલિકા સિટી ઇજનેર સેકટર ૨૧ પોલીસ સ્ટેશન માં ફરિયાદ કરી જણાવ્યું કે કિસાન નગર સેકટર ૨૬ ફરતે પશુઓથી વસાહતીઓ ને રક્ષણ મળે તે માટે સેકટર ફરતે દીવાલની બનાવી છે પરંતુ સ્થાનિક વસાહતી એ પોતાની સગવડ માટે દીવાલ માં.બાકોરું પાડી પ્રાઇવેટ લોખંડ નો ઝાપો મૂકી રસ્તો બનાવ્યો તેનો વિરોધ સિટી ઇજનેર પોલીસ ને નોંધાવ્યો છે.

## આ આશિક્ષિત સત્તા માં ચાલતું આ છે સહનશીલ ગુજરાત

માં બધું જ બળી જતું હોય છે, ઘણી વખત, સત્ય પણ ! ગુજરાત ની વિવિધ શહેરો ની ઈકોરોના હોસ્પિટલોમાં લાગતી ?? લોકો ને શંકાઓ કરવા પ્રેરે છે ! કારણ કે, ગુજરાત ને ?? સાથે એક અર્થમાં ભાઈબંધી છે ! મગફળીઓ નાં ઘણાં ગોદામો પણ, આપણે ઈંસળગાવી ચૂક્યા છીએ ! આપણે ટ્રેન નો ડબ્બો સળગાવવાનો પણ અનુભવ ધરાવીએ છીએ !

આપણી પોલિસ, વહીવટીતંત્ર, ફાયરશાખા વગેરે તંત્રો અને માંથી ગેરલાભ મેળવનારાઓ વિષે ચૂપકીદી જાળવવી, આપણી ઈંગરવી પરંપરા છે !

અમદાવાદ, વડોદરા, જામનગર અને પછી હવે,

રાજકોટ ની કોરોના હોસ્પિટલમાં, ICU વિભાગ માં પણ !!!!!આસમાચાર નથી.

ષડયંત્ર હોવાની પૂરી સંભાવના છે !!

આકાશમાં બેઠેલો ઇશ્વર બધું જ જૂએ છે.

માં ભડથું બનેલાં સૌ આત્માઓને નમન. મૃતકોના પરિવારજનોને પ્રભુ વધુ સહનશીલતા બક્ષે.

આ ગુજરાત છે !!!!!

## શ્રદ્ધા કે અંધશ્રદ્ધા

આપણાં ઋષિ મુનિઓએ લોકોને ધર્મના માર્ગે વાળવા માટે ઈશ્વર કે ખુદાનું માધ્યમ બતાવ્યું હતું, કે જેનાથી લોકો ખોટા માર્ગે ન જાય અને અનિચ્છનીય પ્રવૃત્તિઓ ન કરે. પરંતુ આપણી ભારતની ભોળી જનતા એવી છે કે શું સાચું અને શું ખોટુ એ વિચાર્યા વગર આંધળું અનુકરણ કર્યા કરે છે. ઈશ્વરમાં દરેક વ્યક્તિએ શ્રદ્ધા રાખવી જોઇએ એની ના નથી, પરંતુ લોકો દેવ દર્શન તથા તીર્થયાત્રાના નામે નરી ઘેલછા કરે છે ત્યારે પરિસ્થિતિ વિકટ બને છે. ભૂતકાળમાં ઘણાં તીર્થધામોમાં તથા મોટા નામાંકિત દેવાલયોમાં બહુ મોટા પ્રમાણમાં હોનારતો થયેલી છે અને કેટલાંય નિર્દોષ લોકોએ પોતાનાં જાન ગુમાવ્યા છે.લોકોને એટલી બધી અંધશ્રદ્ધા હોય છે કે અમુક ખાસ પર્વમાં લાખોની સંખ્યામાં લોકો યાત્રાના સ્થળે કે તીર્થધામોમાં એકઠાં થાય છે. આના કારણે બિનજરૂરી ભીડ, ટ્રાફિકની સમસ્યા, રહેવા તથા ખાવાપીવાની સમસ્યાઓ જેવા પ્રશ્નો ઉભા થાય છે. આ ઉપરાંત ધક્કામુક્કી થવાને કારણે બિનજરૂરી ઝઘડાઓ થાય છે. નાના બાળકો પડી જવાના કે ખોવાઇ જવાના બનાવો બને છે તથા કોઈનાં ખિસ્સા કપાવાના કે કિંમતી સામાન ચોરાઇ જવાના બનાવો પણ બને છે. મંદિરોમાં દર્શન કરાવવાની લાલચ આપીને પૂજારીઓ કે પંડાઓ યાત્રાળુઓના ખિસ્સા હળવા કરે છે તો પ્રસાદના વેપારીઓ પણ કાંઈ દૂધે ધોયેલાં હોતાં નથી. આશ્ચર્યની વાત તો એ છે કે, જો ખરેખર ભગવાન કે ખુદા હાજરાહજૂર હોય તો, પોતાનાં ભક્તોનું રક્ષણ કરવાની જવાબદારી એમની બને છે, જ્યારે સાચી આસ્થા કે શ્રદ્ધાથી દર્શન જતાં કે આવતાં લોકો પણ અકસ્માતના ભોગ બને છે,ત્યારે લાગે છે કે લોકો નકામી ઘેલછામાં રાચી હાથે કરીને મોતને આમંત્રણ આપે છે અને ઈશ્વર કે ખુદા બેઠાં બેઠાં તમાશો જુએ છે. લોકોએ કોચલામાંથી બહાર આવવાની જરૂર છે અને અંધશ્રદ્ધામાં રાચવાને બદલે સાચી શ્રદ્ધાથી ઘેર બેઠાં જ પ્રભુની ભક્તિ કે બંદગી કરવી જોઇએ. આપણું મન ચોખ્ખું હોય તો સઘળા તીર્થો પોતાનાં ઘરમાં જ છે. એટલે જ કહેવાય છે કે મન ચંગા તો કથરોટ મેં ગંગા.

યોગેશભાઈ આર જોશી હાલોલ: ૩૮૯ ૩૫૦, જી. પંચમહાલ.

## લૉકડાઉન: ૨૦૨૦માં સૌથી વધુ સર્ચ થયુ 'તારક મહેતા', બિગબૉસ-મિર્ઝાપુરને પછાડ્યા

મુંબઈ,તા.૨

૨૦૨૦એ દુનિયાભરને દુખ અને પરેશાનીઓ આપી છે. તેવામાં લાગે છે કે એન્ટરટેન્મેન્ટના નામે પણ લોકો ખુશીનું માધ્યમ શોધી રહ્યાં છે. તેનુ સૌથી મોટુ ઉદાહરણ છે યાહુની આ વર્ષની લિસ્ટમાં કોમેડી શૉ 'તારક મહેતા કા ઉલ્ટી ચશ્મા' સૌથી વધુ સર્ચ કરવામાં આવેલો શૉ બની ગયો છે. યાહૂની લિસ્ટમાં આ શૉ સૌથી વધુ સર્ચ કરવામાં આવેલી ફિલ્મ્સ અને ટીવી શૉ બની ગયો છે.

યાહૂની લિસ્ટમાં આ શૉ સૌથી વધુ સર્ચ કરવામાં આવેલી ફિલ્મ્સ અને ટીવી શૉમાં ટૉપ પર છે. જેમાં મિર્ઝાપુર અને બિગબૉસ જેવા રિયાલિટી શૉને પણ પછાડી દીધાં છે. એટલે કે સ્પષ્ટ છે કે ૧૨ વર્ષો પછી પણ જેઠાલાલનો અંદાલ લોકોને ખૂબ પસંદ આવી રહ્યો છે.

યાહૂની આ લિસ્ટ મંગળવારે સામે આવી છે. આ લિસ્ટમાં પૌરાણિક ધારાવાહિક અને લોકડાઉનમાં ચર્ચામાં રહેનાર મહાભારત અને રામાયણ પણ સામેલ છે. મહાભારત આ લિસ્ટમાં નંબર ૨ પર અને રામાયણ નંબર ૪ પર છે. આ બંને શૉ લૉકડાઉન દરમિયાન દૂરદર્શન પર ફરીથી ટેલીકાસ્ટ કરવામાં આવ્યા હતાં.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

પદ્ય વિભાગ : શીર્ષક" સમય ના વહેણ " ગ્રુપ રચનાઓ

NOG No: 40

પ્રકાર : પદ્ય

શીર્ષક : સમયનાં વહેણ(ઋતુઓ સાથેની સરખામણીએ)

શૈશવની યાદ જાણે શિશિરનો સાથ,
મા-બાપનાં પ્રેમની શિતળતા સંગાથ,
આવી વસંત; છે જોમ જ્વલંત,
રંગીન મિજાજ; એણે સજ્યા છે સાજ!
વાયરો વાય; ટાણું વિતી જાય,
ગ્રીષ્મ આવી ઉભી; દિધી વસંતને વિદાય,
આવી પહોંચ્યો જીવનનો મુખ્ય દોર,
હોય ભલેને છાંયો; ભાસે બળતો બપોર!
શિશિરની શિતળતા ને વાસંતી જોમનો જો હો હોમ,
સફળતાનાં ચાખવા મળે મીઠા બોર!
બળતા બપોરમાં ખૂબ ચળક્યો તું,
લે આવી વર્ષારાણી; હૈયે ટાઢક પામીશ તું,
લઈને આવી વર્ષારાણી; પ્રેમની લ્હાણી,
ખરી વસંત છે આ જીવનની; કરી લે તું ઉજાણી,
વરસતી ગઈ વાદળી; કરતી ગઈ વરદ,
પાનખર લઈને; હવે આવી શરદ,
મક્કમ થઈ જાજે; હૂઠવાય ન જવાય,
નિશ્ચલ,નિષ્કામ રહેવું હવે સદાય,
જાળવી લેજે ખુદને; મનડું ન મુંઝાય,
પામવી હો જો તારે; હેમંતની હુંફભરી વિદાય.

વૈશાલી મહેતા.

-------------------------------------

NOG 0078

પ્રકાર - પદ્ય

વિષય- સમયનું વહેણ

સમય આવો ય બદલાશે ખબર નહોતી
સમજથી પર થઈ જાશે ખબર નહોતી.
મેં પણ એવું વિચાર્યું તો હતું, પરખું ;
સમય સાચે જ પરખાશે ખબર નહોતી.
લઈને આવતો ઘોંઘાટ કે કિલ્લોલ ;
વખત એક મૂક પણ થાશે ખબર નહોતી.
સતત બસ દોડતો , નવરો જ ના પડતો ;
થમી જઈ વક્ત કચવાશે ખબર નહોતી.

ઘણાંની તેં પરીક્ષા લીધી છે ને?તો!
સમય આવો તું વરતાશે ખબર નહોતી.
મળે ના કોઈ "શ્વેતા"ને ય રસ્તામાં,
સમય ખાલી જ અથડાશે ખબર નહોતી.

શ્વેતા તલાટી

-------------------------------------

NOG NO : 0065

પ્રકાર : પદ્ય

વિષય : સમયનું વહેણ

સમયનું વહેણ ચાલતું રહે છે,
જો તેની સાથે ચાલશો તો ,
કઈક તમે પામી શકશો ,
નહીતો ભીડમાં ખોવાઈ જશો.
જ્યારે સમયના વહેણની સાથે ,
અસફળતાનો સમય આવે ત્યારે,
મુશ્કેલીનો ઝાટકો જરૂર લાગે છે,
જીવનની નાવ ડગમગતી દેખાય છે.
ચારે બાજુથી આવશે કઠિનાઈઓ
પણ હિંમત રાખીને મક્કમ રહીને,
આપણા દિલને સખત બનાવીને ,
સમયના વહેણને પાર લગાવવાનો છે.
સુંદર પળ આપણી રાહ જુવે છે,
ખુશીઓની હેલી રાહ જુવે છે,
જિંદગી હસીને આપણે જીવવાની,
એ છે આપણી જિંદગી તણો હક.
સમયનું વહેણ ચાલતું રહેશે.

હર્ષા શાહ

-------------------------------------

NOG/0044

વિષયઃ-સમયના વહેણ.

વિભાગઃ- પદ્ય.

વસંતનો વૈભવ કેસૂડો
તો ગ્રીષ્મ પણ ગાંજ્યો જાય એમ નથી.
લાલચટ્ટક સાફો પહેરી ઉભેલો ગુલમહોર,
પીળા પિતાંબર માં શોભતો ગરમાળો.
કોડીલી નવોઢાનાં ગુલાબી અધરસમ
ગુલાબી ફૂલોથી શોભિત વૃક્ષો.
આ બધામાં ....
ખૂટતી ફોરમ પૂરવા થનગનતો મોગરો.
આ છે ગ્રીષ્મનો વૈભવ.
સમયના વહેણ બદલાશે,
સાથે ઋતુ બદલાશે.
આવો ઋતુ ઋતુઓનો ,
અલગ અલગ-અલગ વૈભવ માણવાં
જરૂર પડે સમય સાથે ચાલવાની!
સમય નથીનું બહાનું બતાવીએ,
પછી ક્યાંથી માણી શકો આ વૈભવ?

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા

-------------------------------------

NOG /0028

ન્યુઝ ઓફ ગાંધીનગર

વિષયઃ સમયના વહેણ

વિભાગઃ પદ્ય

પ્રકારઃ ગઝલ

શીર્ષક : સમયના ઈશારે

ટકોરા પડે છે સમયના ઈશારે,
ને દિવસો ઉગે છે સમયના ઈશારે.
ગગનનો છે સૂરજ સદા ધોમ ધખતો,
એ સૂરજ ઢળે છે સમયના ઈશારે.
કરો કામ સારા તો મળશે જ સિદ્ધિ,
બધાં ફળ મળે છે સમયના ઈશારે.
કરી કામ ખોટા વહોરો ના જોખમ,
કુકર્મી રડે છે સમયના ઈશારે.
છે કિંમત બધાની અલગ ગુણ મુજબ
ને,બજારો ભરે છે સમયના ઈશારે.

ઝરણા રાજા. " ઝારા"

ભરૂચ ...

-------------------------------------

NOG number - 0068

વિભાગ - પદ્ય

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"

શીર્ષક - સમયના વહેણ

સુખમાં એક પૂરો દિવસ પણ ઓછો લાગે છે,
દુ:ખમાં પાંચ મિનિટ પણ લાંબી લાગતી હોય છે.
વિચારીએ તો માત્ર એક મિનિટ જ લાગે ,સમયની કદર હોય જ્યાં ત્યાં પળો હોય છે.
જિંદગી જ્યારે રૂઠીને રમાડે છે,જોકરના દાવ ત્યારે ,
ચહેરા પર સ્મિત ને અંદરથી રુદન હોય છે.
જેના માતાપિતા છે એ ખરેખર ખુશનસીબ હોય છે,
પરિવાર વિના જીવનમાં તો ખાલીપો ભરેલ હોય છે.
પ્રેમ નામના શબ્દથી જેણે નફરત કરી હોય છે ,
એણે જ ક્યારેક લાગણીની લિલામી કરી હોય છે.
દિવસનો એ સમય વાદળને સંપૂર્ણ તડપાવતો હોય છે,
રાત થતાં "ચાંદ"ને મળી મિલનની રાત હોય છે.
જિંદગીની રીતમાં સમય સમયની વાત છે સાહેબ,
ક્યારેક દુ:ખ તો ક્યારેક સુખની ઓટ હોય છે.
ભૂલાયું ભૂલાય નહીં ને યાદ રહે સદા ચિત્તમાં,
લાંબુ - ટુંકુ , સારૂ - ખરાબ સમયનોવહેણ હોય છે.

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"- માંડવી કચ્છ

-------------------------------------

NOG NO :0048

વિભાગ - પદ્ય

શીર્ષક - સમય

બદલાય છે માનવ સમયના વહેણમાં,
પરિસ્થિતિ ને સંજોગોના કહેણમાં.
આવે છે ઉતાર ચઢાવ લાગણીનાં,
સંબંધો બની જાય છે માગણીનાં,
જીવનસફર અણધારી અટકી જશે,
મુલાકાત ક્યારે અંતિમ બની જશે,
પ્રીતથી ભરી લો દરેક શ્વાસને,
ઝીલી લો દરેક પડકારને આત્મવિશ્વાસે.

પ્રકૃતિ શાહ 'પ્રીત'

-------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર

સાહિત્ય સરિતા

વિષય : સમય

શીર્ષક : સમયનું મહત્વ

સમય વહી ગયો ને રહી ગયાં નિશાન અહીં,
ભૂત ભવિષ્ય ને વર્તમાનનાં સંગાથે કંઈ.
દર્શાવે છે ઈતિહાસની હસ્તપ્રતો નકશા કંઈ,
મિટાવી દીધું કાળની થપાટે ઘણું આ જગ મહીં.
સુખ- દુ:ખ ને તડકો- છાંયો આવે જીવન મહીં,
પણ, લગાવી દેતું મરહમ સમયનું ચક્ર અહીં.
હરાવી ન શક્યું કોઈ એ કાળચક્રને ગતિ મહીં,
હોય ભલે તે રાય કે રંક, સરીખા સૌ જન અહીં.
સમય સમયને માન છે કહેતાં સૌ કોઈ અહીં,
'નાણાં વગરનો નાથિયો' ને નાણે નાથાલાલ અહીં.....
સમય છે બહુ બળવાન સમજ નાદાન તું સાન મહીં,
બહુત બીતી ,બસ થોડી બચી આ જિંદગી અહીં.

ડો. રેખા શાહ કચોરીયા







## ન્યૂઝીલેન્ડના પ્રવાસે ગયેલી પાક ક્રિકેટ ટીમના વધુ ત્રણ ખેલાડી કોરોનાગ્રસ્ત થયા

વેલિંગટન,તા.૨

ન્યૂઝીલેન્ડના પ્રવાસે ગયેલી પાકિસ્તાની ક્રિકેટ ટીમના વધુ ત્રણ ખેલાડી કોરોનાગ્રસ્ત બની જતાં હવે પ્રવાસી ટીમના કુલ નવ સદસ્યો કોરોનાનો શિકાર બની ગયા છે. આમ પાકિસ્તાની ટીમ પ્રવાસે ગઈ તે સાથે જ તેણે કરેલા પ્રોટોકોલનો ભંગ હવે તેને ભારે પડી રહ્યો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડના આરોગ્ય વિભાગે એ બાબતની પુષ્ટિ કરી છે કે ટીમના વધુ ત્રણ સદસ્ય કોરોનાગ્રસ્ત બન્યા છે. આ ઉપરાંત હજી એક ખેલાડીનો રિપોર્ટ આવવાનો બાકી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે એ ખ્યાલ આવતો નથી કે ટીમમાં પહેલી વાર ચેપ ક્યાંથી લાગ્યો હતો અથવા તો પહેલેથી જ કોરોના આવી ગયો હોવાની ખબર પડતી નથી. જે છ ખેલાડીને પોઝિટિવ આવ્યા હતા તેમાંથી બે ખેલાડી તો બીજી વાર કોરોનાગ્રસ્ત બન્યા છે. પીસીબીએ પણ આ ઘટનાને ગંભીરતાથી લીધી છે. ટીમના કેટલાક ખેલાડી એ પુરવાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેમનો કોરોન્ટાઈનનો તબક્કો જેલવાસ જેવો છે. ન્યૂઝીલેન્ડ પહોંચ્યા બાદ પાકિસ્તાની ટીમના ખેલાડીઓ પ્રોટોકોલનો ભંગ કરતાં ઝડપાઈ ગયા પીસીબીના સીઈઓ વસિમ ખાને પણ અગાઉ છ ખેલાડીના કોરોના પોઝિટિવ આવ્યા ત્યારે એક સંદેશ મોકલીને તેમને પ્રોટોકોલનું પાલન કરવાની અપીલ કરી હતી.

# કોટનના વાયદાના ભાવમાં રૂ.૧૭૦ના ઘટાડા સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૬૩,૪૭૫ ગાંસડીના સ્તરે

## સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૫૮ અને ચાંદીમાં રૂ.૮૦૭ની વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં નોમિનલ ઘટાડોઃ મેન્થા તેલમાં સુધારાનો સંચારઃ પ્રથમ સત્રમાં રૂ.૧૩,૧૩૬ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨,૧૦,૨૮૫ સોદામાં રૂ.૧૩,૧૩૬.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૮ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૮૦૭ વધ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ નોમિનલ ઘટવા સામે નેચરલ ગેસ સુધર્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૧૭૦નો ઘટાડો થયો હતો અને ઓપન ઈન્ટરેસ્ટ ૬૩,૪૭૫ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કપાસ અને સીપીઓ પણ ઢીલાં હતાં, જ્યારે મેન્થા તેલમાં સુધારાનો સંચાર થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૪૪૭૪૮ સોદાઓમાં રૂ.૭૯૭૧.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૪૯૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૬૯૯ અને નીચામાં રૂ.૪૮૪૦૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૫૮ વધીને રૂ.૪૮૫૩૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૭૩ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૨૪૬ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૯ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૦૯ થયા હતા, જ્યારે સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૩ વધીને બંધમાં રૂ.૪૮૯૯૪ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૧૬૨૮ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૦૪૦ અને નીચામાં રૂ.૬૧૪૨૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૦૭ વધીને રૂ.૬૨૭૨૫ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૭૦ વધીને રૂ.૬૩૯૩૨ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૭૮૨ વધીને રૂ.૬૩૯૨૩ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૩૩૪૧ સોદાઓમાં રૂ.૧૮૯૮.૬૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૨૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૦૮ અને નીચામાં રૂ.૩૨૪૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨ ઘટીને રૂ.૩૨૮૫ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૭૭૨ સોદાઓમાં કુલ રૂ.૩૪૬.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૧૯૯૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૯૯૦ અને નીચામાં રૂ.૧૯૮૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૦ ઘટીને રૂ.૧૯૮૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૮૭૯.૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે ૧૦ પૈસા ઘટીને બંધમાં રૂ.૮૭૬.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૫.૪ ખૂલી, ઊપરમાં રૂ.૯૪૬.૯ અને નીચામાં રૂ.૯૪૨.૧ રહી, અંતે રૂ.૯૪૪.૪ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૮૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૮૮ અને નીચામાં રૂ.૧૧૮૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૦૦ ઘટીને રૂ.૧૧૮૩ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૮૩૦૧ સોદાઓમાં કુલ રૂ.૩૮૭૦.૯૪ કરોડ ની કીમતનાં ૭૯૩૯.૫૯૬ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૧૬૪૪૭ સોદાઓમાં કુલ રૂ.૪૧૦૦.૮૨ કરોડ ની કીમતનાં ૬૪૬.૭૭૬ ટન, ક્રૂડ તેલમાં ૫૫૫૯ સોદાઓમાં રૂ.૩૨૩.૮૫ કરોડનાં ૯૮૭૦૦૦ બેરલ્સ, કોટનમાં ૨૪૯ સોદાઓમાં રૂ.૧૮.૦૩ કરોડનાં ૯૦૫૦ ગાંસડી, સીપીઓમાં ૨૪૮૪ સોદાઓમાં રૂ.૩૨૬.૮૪ કરોડનાં ૩૭૪૩૦ ટન, મેન્થા તેલમાં ૧૫ સોદાઓમાં રૂ.૧.૫૩ કરોડનાં ૧૬.૨ ટન, કપાસમાં ૨૪ સોદાઓમાં રૂ.૫૯.૨૦ લાખનાં ૧૦૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૫૦૪૨.૭૪૧ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૯૨.૩૪૭ ટન, ક્રૂડ તેલમાં ૧૬૧૮ બેરલ્સ, કોટનમાં ૬૩૪૭૫ ગાંસડી, સીપીઓમાં ૭૬૭૩૦ ટન, મેન્થા તેલમાં ૧૪૦.૪ ટન અને કપાસમાં ૫૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૮.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૩૩ અને નીચામાં રૂ.૯૮૧.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૦૦ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૨૯.૫ અને નીચામાં રૂ.૭૬૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૯૨.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૨૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૨૦૭ અને નીચામાં રૂ.૨૭૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૯૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૦૦ અને નીચામાં રૂ.૬૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૨૦.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૮૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૩ અને નીચામાં રૂ.૧૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨.૧૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૮૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૨.૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨.૮૫ અને નીચામાં રૂ.૧૨.૮૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨.૮૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૩૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૧૮.૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૪૨.૫ અને નીચામાં રૂ.૧૧૩.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૨૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૨૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૪.૯ અને નીચામાં રૂ.૯૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૪.૬ બંધ રહ્યો હતો.

મને હું હ્રદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. તેમના ભાઈશ્રી નીતિનભાઈ તથા પરીવારને ભગવાન આ આઘાત સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.

# માસ પ્રમોશનની વાત પાયાવિહોણી, પરીક્ષા લેવાશે, અફવાઓ પર ધ્યાન ન આપો: શિક્ષણમંત્રી

ગાંધીનગર,તા.૨

હાલ કોરોનાની મહામારીને કારણે ગુજરાતમાં ઓનલાઇ શિક્ષણ ચાલી રહ્યું છે. ત્યારે થોડા દિવસોથી લોકોમાં ચર્ચા ઉગ્ર બની છે કે, ધોરણ ૧૦ અને ૧૨ સિવાયનાં વર્ગોને માસ પ્રમોસશ આપી દેવામાં આવશે. શિક્ષણમંત્રી ભુપેન્દ્ર ચુડાસમાએ સ્પષ્ટ શબ્દોમાં આ વાતને રદિયો આપ્યો હતો અને લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા જણાવ્યું હતું. શિક્ષણમંત્રી ભુપેન્દ્ર ચુડાસમાએ જણાવ્યું કે, પરીક્ષા ન લેવાનો કોઇ વિચાર સરકારે કર્યો નથી. જે પણ વાત વહેતી થઇ છે તે પાયા વગરની છે. જ્યારે પણ શાળા ખુલશે અને જેટલો પણ અમે અભ્યાસક્રમ ભણાવ્યો હશે તેટલા અભ્યાસક્રમ પૂરતી પણ અમે પરીક્ષા લઇશું. તેમણે વધુમાં ટકોર કરતા જણાવ્યું કે, કોઇપણ વાત વહેતી થાય તે નહીં પરંતુ સરકાર તરફથી જે પણ જાહેરાત કરવામાં આવે તે જ વાત લોકોએ માનવી જોઇએ. કોઇ પાયા વગરની આધાર વગરની વાતને લોકોએ માનવી જ ન જોઇએ.



આ ઉપરાંત ફી નહીં ભરે તો શિક્ષણ નહીં અંગે બોલતા તેમણે જણાવ્યું કે, સ્કૂલ સંચાલક મંડળે સ્પષ્ટ કર્યું છે કે, ઓનલાઇન શિક્ષણ અમે ચાલુ રાખીશું. ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશનની ફરિયાદ છે કે, ઘણા વાલીઓએ છેલ્લા છ મહિનાથી ફી જ ભરી નથી ઉપરાંત તેઓ સ્કૂલે મળવા પણ નથી આવતા કે સ્કૂલમાં ફી ક્યારે ભરશે અને ભરશે કે નહી તે પણ જાણ કરતા નથી.જેથી આવા વાલીઓના બાળકો માટે ઓનલાઈન શિક્ષણ બંધ કરવામા આવશે. અત્યાર સુધી ફી ન ભરનારા વાલીઓ જો ૧૫ ડિસેમ્બર સુધી સ્કૂલમાં મેનેજમેન્ટને મળવા નહી આવે કે રજૂઆત પણ નહી કરે તો તેમના બાળકોનું ઓનલાઈન શિક્ષણ બંધ કરી દેવાશે.

સરકારના ઠરાવ મુજબ વાલીએ ફી ન ભરવા મુદ્દે પણ સ્કૂલમાં રૂબરૂ આવીને લેખીત રજૂઆત કરવાની છે. જે વાલીઓ ફી નહી ભરી શકવા મુદ્દે રજૂઆત કરી છે તેમના બાળકોનું ઓનલાઈન શિક્ષણ ચાલુ રહેશે. પરંતુ ઘણા વાલીઓ મળવા નથી આવતા કે ફોનથી પણ જાણ નથી કરતા. જ્યારે બીજી બાજુ સ્કૂલ સંચાલક મંડળના આ નિર્ણયનો વાલી મંડળે વિરોધ કર્યો છે.આ મુદ્દે વાલી મંડળ સરકારને પણ રજૂઆત કરશે.



**રાજ્યસભાના સાંસદ અને ભાજપા અગ્રણી શ્રી અભયભાઇ ભારદ્વાજના પાર્થિવ દેહને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને તેમના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. મારા પરમ મિત્ર,સુખ દુઃખ ના સાથી, સહકાર્યકર્તા અને તાજેતરમાં રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયેલા શ્રી અભયભાઇ ભારદ્વાજના અવસાનથી ભાજપાને, વ્યકિતગત રીતે મને અને ગુજરાતના જાહેરજીવનને ખુબ મોટી ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને સદગતિ અર્પે તેમજ તેમના સ્નેહીજનો અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એ જ પ્રભુ ચરણોમાં પ્રાર્થના.**

# અભયભાઈ ભારદ્વાજના અવસાનથી હું અત્યંત દુઃખની લાગણી અનુભવું છું: ભરત પંડયા

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ સ્વ.શ્રી અભયભાઈ ભારદ્વાજને શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું હતું કે, ભાજપના રાજયસભાના સભ્યશ્રી અભયભાઈ ભારદ્વાજના અવસાનથી હું અત્યંત દુઃખની લાગણી અનુભવું છું. પ્રજાના પ્રશ્નોને વાંચા આપનાર, ગરીબોને ન્યાય માટે લડનાર એક તેજસ્વી વકીલ ગુમાવ્યાં છે.

જનસંઘ અને ભાજપની વિચારધારાને મક્કમ રીતે પ્રતિબિંબિત કરનાર એક શ્રેષ્ઠ કાર્યકર્તા ગુમાવ્યાં છે. સમાજ માટે ચિંતન કરીને સતત પ્રવાસ કરનાર એક ઉત્તમ સામાજીક આગેવાન ગુમાવ્યાં છે, પત્રકારથી શરૂ કરીને રાષ્ટ્રીય કાયદાપંચના સભ્ય તરીકેની સમગ્ર જીવનયાત્રા એક પ્રશંસનીય રહી છે. એક વિચારક, એક સામાજીક આગેવાન, એક રાજકીય આગેવાન તરીકે તેમની સક્રિયતા, તેજસ્વીતાની બહુ મોટી ખોટ પડી છે. તેમને હું હ્યદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. તેમના ભાઈશ્રી નીતિનભાઈ તથા પરીવારને ભગવાન આ આઘાત સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.

# સૂરજ કનોડિયાએ પોતાના હાથે પિંડદાન કર્યું

# કનોડિયા પરિવાર દ્વારા સપ્તેશ્વર ખાતે પિંડ તર્પણ વિધિ કરી



ગુજરાતી ફિલ્મોના દિગ્ગજ અભિનેતા નરેશ કનોડિયા અને તેમના ભાઈ મહેશ કનોડિયાના નિધનને આજે એક મહિનો પણ પૂર્ણ થઇ ગયો છતાં પણ હજુ માનવામાં નથી આવી રહ્યું કે તે આપણી વચ્ચે નથી. મહેશ-નરેશના નિધની આખું ફિલ્મ જગત અને તેમના ચાહકો દુઃખી છે. ત્યારે એક મહિના બાદ તેમની પિંડ તર્પણ વિધિમાં ફરી પરિવાર ભાવુક થયેલો જોવા મળ્યો.કનોડિયા પરિવારના સભ્યોની તર્પણ વિધિ સામાન્ય રીતે સિદ્ધપુરમાં કરવામાં આવે છે પરંતુ હાલમાં કોરોના સંક્રમણના કારણે સિદ્ધપુરમાં તર્પણ વિધિ બંધ કરી દેવામાં આવી છે. ત્યારે કનોડિયા પરિવાર દ્વારા સપ્તેશ્વર ખાતે પિંડ તર્પણ વિધિ કરી હતી.નરેશ કનોડિયાના મોટા દીકરા સૂરજ કનોડિયાએ પોતાના હાથે પિંડદાન કર્યું હતું. આ પ્રસંગે સમગ્ર કનોડિયા પરિવાર બાવુક બન્યો હતો અને ત્યાં ઉપસ્થિત તમામની આંખો પણ મહેશ-નરેશને યાદ કરીને છલકાઈ ઉઠી હતી.નરેશ કનોડિયાના પુત્ર હિતુ કનોડિયાએ સોશિયલ મીડિયામાં આ પિંડ તર્પણ વિધિની કેટલીક તસવીરો પણ શેર કરી છે. સાથે તેમને લખ્યું છેઃ “પૂજ્ય મહેશબાપા તથા પપ્પા ના સરામણાં ની વીધી સમગ્ર કુટુંબીજનો ની હાજરીમાં નિવાસસ્થાને કરી અને મોટાભાઈ સુરજ કનોડિયા સાથે સપ્તેશ્વર ખાતે પીંડ તર્પણ વિધી કરી.”૨૫ ઓક્ટોબરના રોજ મહેશ કનોડિયા લાંબી માંદગી બાદ દુનિયાને અલવિદા કહીને ચાલ્યા ગયા હતા, ત્યારે તેમના નિધનના ૨ દિવસ બાદ જ નરેશ કનોડિયા પણ અવસાન પામ્યા હતા.મહેશ-નરેશની જોડી એક આગવી ઓળખ ધરાવતી હતી અને એકસાથે આ રીતે વિદાય લઈને તેમને સ્વર્ગમાં પણ પોતાનું નામ સાથે બનાવ્યું છે. તેમના નિધનથી સમગ્ર ફિલ્મ પ્રેમીઓ અને કલા પ્રેમીઓમાં ઊંડું દુઃખ વ્યાપી ગયું હતું.ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ

# રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજ પંચમહાભૂતમાં વિલીન

રાજકોટ,તા.૨

રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજનો પાર્થિવદેહ ચેન્નઈથી અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ અમદાવાદથી બાય રોડ તેમના દેહને રાજકોટ તેમના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્ત વિધિ બાદ પાર્થિવદેહને અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પાર્થિવદેહનાં દર્શન કરી પ્રદક્ષિણા કરી હતી. બાદમાં અંતિમયાત્રામાં વિજય રૂપાણી પણ હાજર રહ્યાં હતા અને કાલાવડ રોડ સ્થિત મોટામવા સ્મશાન ખાતે કોરોનાની ગાઈડલાઈન મુજબ ઈલેક્ટ્રિક ભઠ્ઠીમાં અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા અને અભયભાઈનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન થયો હતો. મુખ્યમંત્રી રૂપાણી છેલ્લે સુધી હાજર રહ્યા હતા.મોટી સંખ્યામાં લોકો ઊમટી પડતાં ઘરની બહાર રસ્તા પર ખુરશીઓ મૂકી રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. અંતિમ દર્શન માટે લોકોની લાંબી લાઈન લાગી હતી. કોવિડની ગાઈડલાઈન પ્રમાણે અંતિમયાત્રામાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અભયભાઈના પરિવારજનો સહિત ૫૦ લોકો જ



જોડાયા હતા.

અભયભાઈના પાર્થિવદેહના ભાજપના મંત્રીમંડળે અંતિમ દર્શન કર્યા હતા. જેમાં આર.સી. ફળદુ, જયેશ રાદડિયા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ધનસુખ ભંડેરી સહિતના નેતાઓએ અંતિમ દર્શન કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. રાજકોટ ભાજપના આગેવાનો અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

ઝસ વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ રાજ્યસભાના સાંસદ બન્યા હતા. કોરોના સામે ખૂબ મોટી લડત આપી. ૯૦ દિવસ કરતા વધુ સારવાર ચાલી, હું લડત આપીશ તેવું તેમણે લખ્યું હોવાનું પરિવારજનોએ મને જણાવ્યું હતું. સૌરાષ્ટ્રના એડવોકેટ જગતને મોટી ખોટ પડી છે. અમારા મિત્ર હતા એટલે અમને મિત્રોમાં પણ મોટી ખોટ પડી છે. અભયભાઈ નાની વયે સમાજ ઉપયોગી અને ગરીબ લોકોના માટે ગ્રાન્ટ વાપરવાના હતા. તેમને તેની ગ્રાન્ટ આદિવાસી સમાજ માટે વાપરવાનું કહ્યું હતું.

અભય ભારદ્વાજના પાર્થિવદેહને બે વાગ્યે અમીન માર્ગ પર આવેલા તેમના નિવાસસ્થાને અંતિમ દર્શન માટે રખવામાં આવ્યો હતો. અંતિમ દર્શન કરવા મુખ્યપ્રધાન વિજય રૂપાણી સહિતના નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાલાવડ રોડ પર આવેલા મોટામોવા સ્મશાનગૃહ ખાતે અંતિમવિધિ કરવામાં આવી હતી.અંતિમયાત્રામાં માત્ર પરિવારજનોની ઉપસ્થિતિ રહ્યા હતા.

# કોવિડ-૧૯ને કંટ્રોલમાં લાવવા માટે રાજ્ય સરકારે ૧,૨૮૯ કરોડ રૂપિયાનો કર્યો ખર્ચ

ગાંધીનગર,તા.૨

ગુજરાત સરકારે કોવિડ-૧૯ને અંકુશમાં લાવવા માટે ચાલુ વર્ષના એપ્રિલ મહિનાથી ઓક્ટોબરની વચ્ચે ૧,૨૮૯ કરોડ રૂપિયાનો વિશાળકાય ખર્ચ કર્યો છે. જો આ રકમની આમ ગણતરી કરીએ તો આટલા રૂપિયાથી રાજ્યમાં ૪ હજાર બેડની ક્ષમતા ધરાવતી સંપૂર્ણ રીતે સજ્જ મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલ બની શકે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં સરકાર કોવિડ-૧૯ના નિયંત્રણ પાછળ વધુ ૧ હજાર કરોડ રૂપિયા ખર્ચી શકે છે, કારણ કે ભવિષ્યમાં મહામારી વધુ વિકટ બનશે તેવું સંકટ તોળાયેલું છે. મંગળવાર સુધીમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે મૃતકોની સંખ્યા ૪ હજારને પાર પહોંચી ગઈ જ્યારે સંક્રમિતોની સંખ્યા ૭.૮ લાખ કરતાં વધારે છે. ઉલ્લેખનીય છે કે, દિવાળીના તહેવાર બાદ કોરોનાના કેસમાં જબરદસ્ત વધારો થયો છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજ્યએ ઓક્ટોબર મહિના સુધીમાં ૧,૨૮૯ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

‘મોટાભાગનો ખર્ચ દવા, પીપીઈ કિટ્સ અને માસ્ક, ડાયગ્નોસ્ટિક કિટ, માનવ સંસાધનો અને કેટલીક વિશેષ માળખાગત જરૂરીયાતો પાછળ થયો છે‘, તેમ એક અધિકારીએ કહ્યું હતું. ‘ચાલુ નાણાકીય વર્ષના અંત પહેલા વર્તમાન માસિક ખર્ચને આગળ વધારીને, કોવિડ કંટ્રોલ પ્રવૃતિઓ માટે ૧ હજાર કરોડનો વધારાનો ખર્ચ કરવામાં આવશે. આ તમામ ખર્ચા બિનઆયોજિત છે અને આયોજિત ખર્ચ માટે ફાળવવામાં આવેલા બજેટ કરતાં વધુ છે‘, તેમ અધિકારીએ જણાવ્યું હતું. કોરોના કંટ્રોલ પ્રવૃતિઓ પરનો બિનઆયોજિત ખર્ચ રાજ્ય સરકારની તિજોરી અને રાજ્યના આરોગ્ય માળખા પર મોટો બોજ બની રહ્યો છે.

## માસ્ક ન પહેરનાર લોકો વિરુદ્ધ ગુજરાત હાઇકોર્ટ લાલઘૂમ

# માસ્ક ના પહેરનાર લોકોએ કોવિડ સેન્ટરમાં કામ કરવું પડશે

*ગાંધીનગર,તા.૨*

કોરોના મહામારીને ગંભીરતાથી ન લેનાર અને એકથી વધુ વાર માસ્ક ન પહેરતા ઝડપનાર લોકોને કોવિડ સેન્ટરમાં નોન મેડિકલ ફેસિલિટી સેવા માટે મોકલવાનો ગુજરાત હાઈકોર્ટે હુકમ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને માસ્ક ન પહેરનાર, સોશ્યલ ડિસ્ટન્સ અને અન્ય નિયમનોનું પાલન કરનાર લોકો માટે કોવિડ કેર સેન્ટરમાં નોન મેડિકલ સેવા માટે મોકલવાનો પરિપત્ર બહાર પાડવાનો હુકમ કર્યો છે. રાજ્ય સરકાર આગામી સુનાવણી, એટલે કે ૨૪ ડિસેમ્બરે ઉપરોકત સૂચનોના અમલનો સ્ટેટ્સ રિપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કરે. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને માસ્ક ન પહેરનાર લોકોને ૫ થી ૧૫ દિવસ સુધી લોકલ કોવિડ સેન્ટરમાં ૪ થી ૬ કલાક સુધી સેવા કરવાની નિર્દેશ કર્યો છે. આ મામલે વધુ સુનાવણી ૪ ડિસેમ્બર રોજ હાથ ધરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જવાબ રજૂ કરતા રાજ્ય સરકારે જણાવ્યું હતું કે માસ્ક ન પહેરનાર વ્યક્તિને કોવિડ કેર સેન્ટરનો ચલણ આપ્યા બાદ તેનું અમલીકરણ કઈ રીતે કરવું એ મુદ્દે કોઈ નિણર્ય લઈ શક્યા નથી. રાજ્ય સરકાર વતી



એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે માસ્ક ન પહેરનાર લોકોને ઝડપી કોવિડ કેર સેન્ટરનો ચલણ આપી શકાય પરંતુ એ વ્યક્તિ કોવિડ સેન્ટરમાં ગયો છે કે કેમ અને ક્યાં ક્યાં હોસ્પિટલમાં કે સેન્ટરમાં તેમને મોકલવા અને અમલવારી અંગે રાજ્ય સરકાર કોઈ નિર્ણય લઈ શકી નથી. માસ્ક ન પહેરનાર લોકોને કોવિડ કેર સેન્ટર મોકલવાના અમલીકરણ માટે વધારાના સ્ટાફની પણ જરૂર પડશે, જયારે વર્તમાન સમયમાં મોટાભાગના કર્મચારીઓ જુદી જુદી સેવામાં જોડાયેલા છે. અમકડક પગલાં લઈ રહ્યાં છે આગામી સોમવાર સુધી સ્થિતિ સુધરશે તેવી આશા વ્યક્ત કરી હતી.

કોવિડની સ્થિતિમાં ખાસ કરીને પાછલા ત્રણ દિવસમાં સુધાર જોવા મળ્યો છે. પાછલા ત્રણ દિવસમાં ૧૦૮ – ૧૦૪ને કોલ્સ, માસ્ક ન પહેરનાર લોકોની સંખ્યા અને ઓક્સિજનની માસ્કમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. કોરોનાને લગતા નિયમોનું પાલન થાય અને લોકો માસ્ક પહેરે તેના માટે શહેરના દર ચાર રસ્તા પર પોલીસ તૈનાત કરવામાં આવી છે. રાજ્ય સરકારના જવાબ બાદ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથે જણાવાયું હતું કે આ સમય ખૂબ જ મહત્વનો છે. એક સપ્તાહ પછી પરિસ્થિતિ સુધારી કે વણસી પણ શકે છે. જસ્ટિસ જે.બી. પારડીવાલાએ તાવનો ઉદાહરણ આપતા કહ્યું કે વ્યક્તિને ૧૦૪નો તાવ આવ્યો હોય અને હવે ઘટીને ૧૦૨ થઈ ગયો હોય ત્યારે જો વધુ કડક નિયમો બનાવવામાં આવે તો સ્થિતિમાં સુધાર થઈ શકે છે.

# અમેરીકાના કેલિફોર્નિયાના મંદિરોમા તુલસી વિવાહની ઉજવણી કરવામાં આવી

દક્ષિણ કેલિફોર્નિયા ની પ્રસિધ્ધ ઑરેન્જ કાઉન્ટીના સીટી ઑફ અર્વાઈન શ્રી નાથજી હવેલી ખાતે ‘ વૈષ્ણવ સમાજ ઑફ સર્ધન કેલિફોર્નિયા ‘ ( VSSC ) સંચાલિત શ્રીનાથજી હવેલીમાં ગુરુવાર તા.૨૬ નવેમ્બર ના રોજ તુલસી વિવાહ યોજાયો હતો.

હવેલીના મુખ્યાજી શ્રી પંકજભાઈ વ્યાસ તથા નેહાબેન વ્યાસ અને પુનિતકુમાર વ્યાસ દ્વારા વિવાહની તમામ વિધિ તથા નેહાબેન દ્વારા લગ્નગીતો વગેરે સંપુર્ણ વિધિ ફેસબુક દ્વારા જીવંત પ્રસારિત કરવામાંઆવેલ...

હવેલીના મુખ્ય દાતા શ્રી નરેનભાઈ ( નીક ) પટેલ તથા તેમનાં ધર્મપત્નિ શ્રીમતિ હંસાબેન મુખ્ય મનોરથી હતા.

આ સમગ્ર વિવાહના આયોજનમાં શ્રી ઉમેશભાઈ ગાંધી





મુખ્ય હતા તથા સમગ્ર કાર્યક્રમનું ઑડિયો વિડિયો નિયંત્રણ અને પ્રસારણ વગેરે શ્રી નિશિદ પટેલ દ્વારા સુચારૂ રૂપે કરવામાં આવ્યુ હતું.... વિવાહ સંપન થયા બાદ સૌને પંચામૃત વિતરણ કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ખૂબજ મર્યાદિત સંખ્યામાં માત્ર વહીવટી સ્ટાફ જ હાજર હતો.. તેમજ ગાયત્રી ચેતના સેંટર એનાહેઇમ દ્વારા પણ દર વર્ષ ની માફક આ વર્ષે પણ કાર્તિક સુદ અગિયારસ ને બુધવારે ૧૧-૨૫-૨૦૨૦ ના દિવસે તુલસી વિવાહ નુ આયોજન કરવા માં આવેલ હતું. યજમાન તરીકે તુલસી માતાજી તરફે શ્રીમતી સુક્તિાબેન અને નરેશભાઈ શર્મા તથા ( શાલિગ્રામ) વિષ્ણુ ભગવાન તરફે સુધાબેન રાજીવભાઈ મેહતા એ પુરા ભક્તિ ભાવ થી હોંશ ભેર વિવાહ માં ઉપસ્થિત રહ્યા હતા. વિવાહ ની સંપૂર્ણ વૈદિક વિધિ ગાયત્રી પરિવાર ના શ્રીમતી કુસુમબેન પંડ્યા એ ભાવપૂર્ણ રીતે સંપન્ન કરાવી હતી.જયારે કુસુમબેન પટેલે નિરંજના બેન.. રીટાબેન અન્ય બહેનો એ સમગ્ર વ્યવસ્થા માં સાથ સહકાર આપ્યો હતો. કોવિદ-૧૯ ને કારણે યોગ્ય અંતર... માસ્ક .સેનાટાઈઝર ..નિયંત્રિત ભક્ત ગણ..વગેરે નો પૂરતો ખ્યાલ રાખી તુલસી વિવાહ ના પ્રસંગ ને ઉપસ્થિત પરિજનો એ આનંદ પૂર્વક માણ્યો હતો.

તથા નોર્વોક ખાતેના શ્રી રાધાકૃષ્ણ મંદિરના શાસ્ત્રીજી શ્રી ભરતભાઈ રાજગોર અને નલિનીબેન રાજગોર ની યાદી મુજબ

તુલસી વિવાહ નું આયોજન દેવદિવાળી નિમિત્તે આ સમગ્ર કાર્યક્રમમાં કૉવિડ ૧૯ કારણસર સાવચેતી માટે ખૂબજ ઓછી સંખ્યા માં ભાવિકોની હાજરી સાથે યોજવામાં આવ્યું હતું. આ તુલસી વિવાહમાં તુલસીજી ના યજમાન તરીકે શ્રી નિલેશભાઈ પટેલ ( ફોટોગ્રાફર ) અને તેમના ધર્મ પત્નિ શ્રીમતિ અલકાબેન પટેલ હતા જ્યારે કાનજીના યજમાન તરીકે શ્રી સુમનભાઈ અને શ્રીમતિ અપર્ણાબેન આહિર હતા. આ સમગ્ર કાર્યક્રમનું ફેસબુક પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ હતું

( માહિતી અને તસ્વિર;- કાન્તિભાઈ મિસ્રી,કેલિફોર્નિયા )

## સ્વામી વિવેકાનંદ રાજ્ય યુવા બોર્ડ,બનાસકાંઠા દ્વારા

# મહાનુભાવોની પ્રતિમાની સાફસફાઈ કરી પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ, બનાસકાંઠા દ્વારા વિવિધ લોકઉપયોગી, સેવાકીય અને યુવાનોને પ્રેરણાદાઈ કામગીરી કરવામા આવે છે. આવી જ રીતે દર મહિનાની ૧ તારીખના રોજ જિલ્લાના તમામ તાલુકા અને નગરપાલિકામાં મહાનુભાવોની પ્રતિમાની સાફસફાઈ અને પુષ્પાંજલી કરવામાં આવે છે. એ જ પ્રક્રિયા અનુસંધાને જિલ્લા સંયોજકશ્રી ગૌરાંગભાઇ પાધ્યા, શ્રી વિનોદભાઈની સુચનાથી બનાસકાંઠા જિલ્લાના તમામ



તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં આવેલ મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ કરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં જિલ્લા આગેવાનો, સ્વામી વિવેકાનંદ મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા તાલુકા, નગરપાલિકાના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.